**ફો.કે. નં.**

## આંક–૧ નીચે હુકમ

૧. આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– મુજબના ગુન્હા અંગેનું, કલમ–૨૦૪ પ્રમાણે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

૨. સદરહું પ્રોસેસ ચાર્જશીટમાં જણાવેલ સરનામા મુજબ ઈસ્યુ કરવામાં આવેલ હોવા છતાં, આરોપી જણાવેલ સરનામે મળી આવેલ નથી તે તમામ સંજોગમાં આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા જણાતી નથી તે કારણસર તેમજ હાલનો કેસ ઘણો જુનો છે.

૩. આ કામે સરકારશ્રી તરફે વિદ્વાન એપીપીશ્રી દ્વારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

૪. આ તબક્કે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે–

**કલમ–૨૫૮ કેટલાક કેસમાં કાર્યવાહી બંધ રાખવાની સત્તા–**

> ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ–કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વમંજુરીથી અન્ય કોઈ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે તેવી અસર થશે.

૫. આમ, ઉપરોક્ત કલમ વંચાણે લેતાં, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને કોઈપણ તબક્કે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુક્ત કરવામાં આવેલ હોય, તેવી થશે.

૬. આ કામે પારા–૨ માં કરેલ ચર્ચા મુજબ આરોપી મળી આવે તેમ ન હોય. તે તમામ સંજોગોમાં, કલમ–૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –આખરી હુકમ–

- ➔ આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સત્તાની રૂએ બંધ કરી, આરોપીને બિનતહોમતે મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ➔ આથી વધુ હુકમ કરવામાં આવે છે કે સદર કેસમાં જયારે પણ આરોપી મળી આવે ત્યારે સદર કેસ ફરીથી ફાઈલ પર લઈ ટ્રાયલ ચલાવવાનો ફરીયાદીનો હક અબાધીત રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૨** મી માહે **માર્ચ** સને **૨૦૨૨** ના રોજ નેશનલ લોકઅદાલતમાં અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તા.૧૨/૦૩/૨૦૨૨
લોક અદાલત

**(કિર્તીકુમાર મનોજકુમાર ગોહેલ)**
૨૦ માં એડી.સીની. સીવીલ જજ અને
એડી.સી.જે.એમ, સુરત
જજકોડ જીજે૦૧૧૨૦